Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ દિવ્ય યાદ. ... ... ... વેલચંદ ધનજી ... ... ... ૮૧
૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ. ... ૮૨
૩ પ્રશ્નોત્તરો ... ... ... મુનિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. ... ૮૭
૪ શુદ્ધ હૃદયની ભાવના. ... ... ,, ,, ... ૮૯
૫ અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. ... આત્મવલ્લભ. ... ... ... ૯૦
૬ ધર્મસાગર ઉપાધ્યાય રાસ. સં૦ મોહનલાલ દલીચંદ દેશાઇ... ... ૯૨
૭ શ્રીમહાવીર સ્વામી ભગવાનના વિહારની યાદી. મુનિશ્રી જયંતવિજયજી... ૯૮
૮ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. વિઠ્ઠલદાસ મૂ૦ શાહ. ... ...૧૦૧
૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ...૧૦૪


## " અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું. "

૧ વૃહત્કલ્પ પીઠિકા. ૨ કર્મગ્રંથચાર દેવેન્દ્રસૂરિકૃત ટીકા સાથે.
૩ વિલાસવઇકહા. ( અપભ્રંશ ભાષામાં )

### ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

૧ શ્રી મહાવીર ચરિત્ર—( પ્રાચીન ગ્રંથ ઉપરથી. ) પ્રેસમાં છે.
૨ શ્રી સુરસુંદરી સતી ચરિત્ર—અતિ રસમય ચરિત્ર. ( લખાય છે ).

નં. ૧ માં આર્થિક સહાયની અપેક્ષા છે. સહાય આપનાર બંધુની ઇચ્છાપ્રમાણે સદ્વ્યય કરવામાં આવશે. આ સભા તરફથી પ્રગટ થતાં દરેક ગ્રંથના કાગળો, ટાઇપો, બાઇંડીંગ એ તમામ ઉંચા પ્રકારના થતાં હોવાથી દરેક ગ્રંથોની સુંદરતા માટે લાઇફ મેમ્બરો અને વીઝીટરો વગેરે બંધુઓએ સંતોષ બતાવેલ છે.

### અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

આ સભા તરફથી છત્રીસ વર્ષથી પ્રકટ થતાં સંખ્યાબંધ પુસ્તકો લાઇફ મેમ્બરોને ભેટ અપાય છે, અપાયા છે, પરંતુ જે જે લાઇફ મેમ્બર બંધુઓને કોઇ પણ વર્ષના કોઇ પણ પુસ્તકો ભેટના ન મળ્યા હોય તેમણે ત્રણ માસ સુધી ( કારતક માસની આખર સુધી ) માં અમોને કયા પુસ્તકો ભેટ મળ્યા નથી, ( પુસ્તકોની નોંધ અત્યાર સુધીના છપાયેલા રીપોર્ટ અને માસિકના ટાઇટલ પેજ પર હોય છે ) તે તપાસી લખી જણાવવું, જેથી તેનો યોગ્ય પ્રબંધ થશે. કેટલાક પુસ્તકો સીલીકે જુજ રહેલા હોવાથી ઉપરની મુદત વીતે કોઇ પણ પુસ્તક લાઇફ મેમ્બર તે ભેટ મંગાશે તો સભા આપી શકશે નહિ. સેક્રેટરીઓ.

શ્રી બૃહદ્દધારણા યંત્ર સાધુ સાધ્વીને ભેટ મળવાનું ઠેકાણું:—
નાગરદાસ પ્રેમજી પોરબંદરવાળા ઠે. હરકીસન નાગરદાસ નં. ૧૫ નુરમલ લોહીયાલેન–કલકત્તા.

ભાવનગર ધી " આનંદ " પ્રિન્ટિંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५८. कार्तिक. आत्म सं. ३६. { अंक ४ थो.

## દિવ્ય યાદ.

મહાવીર દેવને ચરણે—

( ૧ )

**દીપોત્સવી શ્રી વીરની,**
યાદ અપાવે ભ્રાત !
" અજર-અમર સ્થળ ગમનની, "
મધુરી મનહર **રાત.**

( ૨ )

અનુસરણુ એ વીરનું,
એકીકરણુ પ્રયોગ;
સાધો પ્રાતઃ સમયમાં,
કરવા **શિવ** સંયોગ.

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મંત્ર—મણી.

**અભીષ્ટ આરાધન—**

( ૧ )

" ૐ અર્હં નમઃ " એહજ મંત્ર વિધિવત્ સાધતા,
ઇપ્સિત અર્થો ફલિત થાશે પૂર્ણતાને પામતા;
માર્ગાનુગામી ત્વરિત બનવું સંગ સુંદર સાધીને,
**આરાધનાની** યોગ્યતા પ્રકટાવો અનુભવ પામીને.

( ૨ )

પ્રારંભમાં માંગલ્ય કારણ અર્થ યોગ્ય વિચારીને,
યોગી મહર્ષિયો તણો પથ સરલ સત્ય સ્વિકારીને;
જપીએ અહર્નિશ ૐ **અર્હં** અર્થ કામ ને મોક્ષની,
" સફલી કરે મન કામના સત્તા પવિત્ર પરોક્ષની. "

**વેલચંદ ધનજી.**

અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

## શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૬૭ થી શરૂ )

૪૬ [ પ્ર૦ ] હે ભગવાન્ ! સુમંગળ અનગાર ઘોડા સહિત યાવત્ વિમલવાહન રાજાને ભસ્મરાશિરૂપ કરીને ( કાળ કરી ) કયાં જશે ? કયાં ઉત્પન્ન થશે ?

[ ઉ૦ ] હે ગૌતમ ? **સુમંગલ** અનગાર ઘોડા સહિત યાવત્ વિમલવાહન રાજાને ભસ્મરાશિરૂપ કરીને ઘણા પ્રકારના છઠ્ઠ અઠ્ઠમ દશમ ( ચાર ઉપવાસ ) દ્વાદશભક્ત ( પાંચ ઉપવાસ ) યાવત્ વિચિત્ર તપકર્મવડે આત્માને ભાવિત કરતા ઘણા વરસ સુધી શ્રમણપણાના પર્યાયને પાળશે. પાળીને માસિક સંલેખના વડે સાઠભક્ત અનશનપણે વીતાવીને આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિને પ્રાપ્ત થઇ ઉર્ધ્વલોકમાં ચન્દ્ર અને સૂર્ય યાવત્ ગ્રૈવેયક વિમાનવાસને ઓળંગી **સર્વાર્થસિદ્ધ** મહા વિમાનમાં **દેવપણે** ઉપજશે, ત્યાં દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ રહિત એવી **તેત્રીશ** સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાં સુમંગલ દેવની પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ રહિત એવી તેત્રીશ સાગરોપમની સ્થિતિ હશે, તે સુમંગલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવને દેવલોકથી યાવત્ ભવનો ક્ષય થવાથી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરશે

૪૭ [ પ્ર૦ ] હે ભગવાન્ ! જ્યારે સુમંગલ અનગાર ઘોડા સહિત વિમલવાહન રાજાને યાવત્ ભસ્મરાશિરૂપ કરશે ત્યારબાદ તે ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

[ ઉ૦ ] હે ગૌતમ ? સુમંગલ અનગારે ઘોડાસહિત યાવત્ ભસ્મરાશિરૂપ કર્યા પછી તે **વિમલવાહન**રાજા અધઃ **સપ્તમ પૃથિવી**માં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા **નરક**ને વિષે નારકપણે ઉત્પન્ન **થશે**. ત્યાંથી ચ્યવીને તુરત **મત્સ્યોને** વિષે ઉત્પન્ન **થશે**, ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી દાહની પીડાવડે મરણ સમયે કાળ કરીને બીજીવાર પણ અધઃ **સપ્તમ નરક પૃથિવી**માં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસને વિષે નારકપણે ઉત્પન્ન **થશે**. ત્યાંથી અન્તર રહિતપણે ચ્યવી બીજીવાર પણ **મત્સ્યો**માં ઉત્પન્ન **થશે**. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી યાવત્ કાળ કરીને છઠ્ઠી **તમાનામે નરક** પૃથિવીમાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા **નરક**માં નૈરયિકપણે ઉત્પન્ન **થશે**, ત્યાંથી નીકળી તુરત જ **સ્ત્રીને** વિષે ઉત્પન્ન **થશે**, ત્યાં પણ શસ્ત્રદ્વારા વધ થતા દાહની પીડાથી બીજીવાર છઠ્ઠી **તમા પૃથિવી**માં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો **નરકમાં** નારકપણે ઉત્પન્ન **થશે**, યાવત્ ત્યાંથી નીકળીને બીજીવાર પણ **સ્ત્રીઓમાં** ઉત્પન્ન **થશે**. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી કાળ કરીને પાંચમી **ધૂમપ્રભાને** વિષે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા **નરકાવાસમાં** ઉત્પન્ન **થશે**. ત્યાંથી નીકળીને **ઉરઃપરિસર્પો**માં ઉત્પન્ન **થશે**. ત્યાંથી કાળ કરી ચોથી **પંકપ્રભા** પૃથિવીમાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નરકને વિષે નારકપણે ઉત્પન્ન થઇ ત્યાંથી નીકળી **સિંહો**માં ઉત્પન્ન **થશે**. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી તે પ્રમાણે જ કાળ કરીને બીજીવાર ચોથી **પંકપ્રભા**માં ઉત્પન્ન થઈ, ત્યાંથી નીકળી બીજીવાર **સિંહો**માં ઉત્પન્ન **થશે**. ત્યાંથી કાળ કરીને ત્રીજી **વાલુકા પ્રભા**માં ઉત્કૃષ્ટ કાલની સ્થિતિવાળા નરકાવાસમાં ઉત્પન્ન થઇ ત્યાંથી નીકળી **પક્ષીઓ**માં ઉત્પન્ન **થશે**. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી કાળ કરી બીજીવાર ત્રીજી **વાલુકા પ્રભા**માં ઉત્પન્ન થઈ ત્યાંથી નીકળી બીજીવાર **પક્ષીઓ**માં ઉત્પન્ન **થશે**. કાળ કરી ત્યાંથી બીજી **શર્કરાપ્રભા**માં ઉત્પન્ન થઇ ત્યાંથી નીકળી **સરીસૃપ** ( શીકારી પશુઓ ) **ને** વિષે ઉપજશે. ત્યાં શસ્ત્રવડે વધ થવાથી કાળ કરી બીજીવાર **શર્કરાપ્રભાને** વિષે ઉત્પન્ન **થશે** અને ત્યાંથી નીકળી બીજીવાર **સરીસૃપ**માં ઉત્પન્ન **થશે**. કાળ કરીને આ **રત્નપ્રભા** પૃથિવીને વિષે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા **નરકાવાસમાં નૈરયિકપણે** ઉત્પન્ન **થશે**. ત્યાંથી નીકળીને **સંજ્ઞીને** વિષે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી કાલ કરીને **અસંજ્ઞી**માં ઉત્પન્ન **થશે**. ત્યાંપણ શસ્ત્રવડે વધ થતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળ કરીને બીજીવાર પણ આ **રત્નપ્રભા** પૃથિવીમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિવાળા નરકાવાસમાં નારકપણે ઉત્પન્ન થશે. હવે ત્યાંથી નીકળીને જે **ખેચરના** ભેદો છે, તે આ પ્રમાણે. ચર્મપક્ષીઓ (ચામડાની પાંખવાળા) લોમ પક્ષીઓ (પીંછાની પાંખવાળા) સમુદ્‌ગક પક્ષીઓ (જેની સર્વદા ઉડતાં પણ પાંખો બીડાયેલ હોય તે) અને વિતત પક્ષીઓમાં (જેની હમેશાં વિસ્તારેલી પાંખ હોય તેમાં) અનેક લાખવાર મરણ પામી પામીને ત્યાં વારંવાર ઉત્પન્ન થશે. સર્વત્ર શસ્ત્રવધ થવાથી દાહની ઉત્પત્તિવડે મરણ સમયે કાળ કરી જે આ **ભૂજપરિસર્પ**ના ભેદો છે તે આ પ્રમાણેઃ—ઘો, નોળીઆ ઇત્યાદિ **પ્રજ્ઞાપના**સૂત્રના પ્રથમ પ્રજ્ઞાપના પદને વિષે કહ્યું છે તે પ્રમાણે જાણવું. જાહક અને ચતુષ્પાદ જીવોમાં અનેક લાખવાર મરણ પામી પુનઃ ત્યાં વારંવાર ઉત્પન્ન થશે. બાકી બધું ખેચરની પેઠે જાણવું. યાવત્ કાળ કરી જે આ **ઉરઃપરિસર્પ**ના ભેદો હોય છે તે આ પ્રમાણેઃ—સાપ, અજગર, અશાલિકા અને મહોરગ, તેમાં અનેક લાખવાર મરણ પામી કાળ કરી જે આ **ચતુષ્પદ**ના ભેદો હોય છે તે આ પ્રમાણેઃ—૧ એક ખરીવાલા, ૨ બે ખરીવાલા, ૩ ગંડીપદ અને ૪ નખસહિત પગવાળા, તેમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે, ત્યાંથી કાળ કરી જે આ **જલચર**ના ભેદો હોય છે તે આ પ્રમાણેઃ—કચ્છપ (કાચબા) યાવત્ સુસુમાર તેઓમાં અનેક લાખવાર ઉપજશે. યાવત્ કાળ કરી જે આ **ચઉરિન્દ્રય** જીવોના ભેદો છે તે આ પ્રમાણેઃ—અંધિક, પૌત્રિક ઇત્યાદિ જેમ **પ્રજ્ઞાપના** સૂત્રના પ્રથમ પ્રજ્ઞાપના પદમાં કહ્યા પ્રમાણે ગોમય કીડાઓમાં અનેક લાખવાર ઉપજશે, ત્યાંથી ઉત્પન્ન થઇ કાળ કરી જે આ **તેઇન્દ્રિય** જીવોના ભેદો છે તે આ પ્રમાણેઃ—ઉપચિત યાવત્ હસ્તિશૌંડ તેઓમાં ઉત્પન્ન થઈ કાળ કરી જે આ **બેઇન્દ્રિયોના** ભેદો છે. તે આ પ્રમાણેઃ—પુલાકૃમિ યાવત્ સમુદ્ર લિક્ષા તેઓમાં અનેક લાખવાર ઉપજશે. ઉપજી યાવત્ કાળ કરી જે આ **વનસ્પતિના** ભેદો છે તે આ પ્રમાણેઃ—વૃક્ષો, ગુચ્છક યાવત્ કુહના તેઓમાં અનેક લાખવાર મરણ પામી ઉત્પન્ન થશે. વિશેષ કરીને **કટુક** વૃક્ષોમાં અને કટુકવેલીમાં ઉપજશે અને સર્વ સ્થળે શસ્ત્રવડે વધ થવાથી કાળ કરીને જે આ **વાયુકાયિક**ના ભેદો છે તે આ પ્રમાણેઃ—પૂર્વનો વાયુ યાવત્ શુદ્ધ વાયુ તેમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે. યાવત્ કાળ કરી જે આ **તેઉકાયિક**ના ભેદો છે તે આ પ્રમાણેઃ—અંગારા યાવત્ સૂર્યકાન્તમણિ નિશ્રિત અગ્નિ તેમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે, ઉત્પન્ન થઇ જે આ **જલકાયિક**ના ભેદો છે તે આ પ્રમાણેઃ—અવશ્યાય ઝાકળનું પાણી યાવત્ ખાઇનું પાણી તેમાં અનેક લક્ષવાર ઉત્પન્ન થશે. બહુધા ખારા પાણીમાં અને ખાઇના પાણીમાં ઉત્પન્ન થશે અને સર્વ સ્થળે શસ્ત્રવડે વધ થવાથી કાળ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે આ **પૃથિવીકાયિક**ના ભેદો છે તે આ પ્રમાણેઃ—**પૃથિવી** શર્કરા કાંકરા સૂર્યકાન્તમણિ તેઓમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે. વિશેષતઃ ખરબાદર પૃથિવીકાયિકને વિષે સર્વત્ર શસ્ત્રવડે વધ થવાને લીધે કાળ કરીને **રાજગૃહ** નગરની બાહેર **વેશ્યા**પણે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થતાં કાળ કરી બીજી વાર રાજગૃહ નગરની અંદર **વેશ્યા**પણે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી કાળ કરીને આ **જંબુદ્રીપ**માં ભારત વર્ષને વિષે વિન્ધ્યાચલ પર્વતની પાસે **બિભેલ** નામે ગામમાં બ્રાહ્મણકુલને વિષે **પુત્રી**પણે ઉત્પન્ન થશે. તે પુત્રી જ્યારે બાલ્યભાવનો ત્યાગ કરી યૌવનને પ્રાપ્ત થશે, ત્યારે તેના માતા પિતા ઉચિત દ્રવ્ય અને ઉચિત વિનયવડે યોગ્ય ભર્તાને ભાર્યાપણે આપશે. તે પુત્રી તેની સ્ત્રી થશે. તે ઇષ્ટકાન્ત યાવત્ અનુમત ઘરેણાના કરંડીયા જેવી તેલની કુલ્લીની પેઠે અત્યંત સુરક્ષિત વસ્ત્રની પેટીની પેઠે સારી રીતે ( નિરૂપદ્રવસ્થાને ) રાખેલી અને રત્નના કરંડીયાની પેઠે સારી રીતે રક્ષણ કરાયેલી હશે, તે શીત, ઉષ્ણ, પરિષહ અને ઉપદ્રવો ન સ્પર્શે માટે અત્યંત સંગોપિત–રક્ષણ કરાયેલી હશે. હવે અન્ય કોઇ દિવસ તે બ્રાહ્મણ પુત્રી ગર્ભિણી થશે અને શ્વસુર ગૃહથી પીયેર જતાં રસ્તામાં દાવાગ્નિની જ્વાલાવડે બળી મરણ સમયે કાળ કરી દક્ષિણ દિશાના **અગ્નિકુમાર** દેવોમાં દેવપણે ઉત્પન્ન થશે.

૪૮ ત્યાંથી અન્તર રહિતપણે ચ્યવીને **મનુષ્યના** દેહને ધારણ કરી માત્ર બોધિ **સમ્યગ્દર્શન** પામશે. માત્ર સમ્યગ્દર્શન પામી મુંડ થઇ ગૃહ વાસનો ત્યાગ કરી અનગારિતા **દીક્ષા** ગ્રહણ કરશે. ત્યાં પણ શ્રામણ્ય દીક્ષાને વિરાધી દક્ષિણ દિશાના **અસુરકુમાર** દેવોમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાર પછી તે ત્યાંથી નીકળી **મનુષ્ય** શરીર પ્રાપ્ત કરી ઇત્યાદિ પૂર્વોક્ત કહેવું. ત્યાં પણ શ્રમણપણું વિરાધી મરણ સમયે કાળ કરી દક્ષિણ નિકાયના **નાગકુમાર** દેવોમાં દેવપણે ઉત્પન્ન થશે. હવે તે ત્યાં અન્તર રહિતપણે ચ્યવી ઇત્યાદિ એ પાઠવડે દક્ષિણ નિકાયના **સુવર્ણકુમાર**ને વિષે એ પ્રમાણે **વિદ્યુત્કુમાર**ને વિષે એમ એમ **અગ્નિકુમાર** સિવાય દક્ષિણ નિકાયના **સ્તનિત**કુમારને વિષે ઉત્પન્ન થશે. તે ત્યાંથી નિકળી મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે, યાવત્ શ્રમણપણું વિરાધી **જ્યોતિષિક** દેવોમાં ઉત્પન્ન થશે. હવે તે ત્યાંથી અન્તર રહિતપણે ચ્યવીને પુનઃ મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે. અને શ્રમણપણું વિરાધ્યા સિવાય મરણ સમયે કાળ કરી **સૌધર્મ** દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થશે. તે ત્યાંથી અન્તર રહિત ચ્યવીને મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે. અને કેવળ સમ્યગ્દર્શનનો અનુભવ કરશે. ત્યાં પણ શ્રમણપણું વિરાધ્યા સિવાય મરણ સમયે કાળ કરી **ઇશાન** દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચ્યવી મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે. ત્યાં પણ શ્રમણપણું વિરાધ્યા સિવાય મરણ સમયે કાળ કરી **સનત્કુમાર** દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને જેમ સનત્કુમારને વિષે કહ્યું તેમ **બ્રહ્મદેવ** લોક, મહાશુક્ર, **આનત** અને **આરણ** દેવલોકને વિષે જાણવું. હવે તે ત્યાંથી ચ્યવી શ્રમણપણાને વિરાધ્યા સિવાય મરણ સમયે કાળ કરીને **સર્વાર્થસિદ્ધ** મહા વિમાનને વિષે દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં અન્ત રહિત ચ્યવી મહાવિદેહક્ષેત્રને વિષેજ આવા પ્રકારના ધનિક કોઇથી પરાભવ નહિ પામે તેવા કુલોમાં **પુત્ર** રૂપે ઉત્પન્ન **થશે.** એ પ્રમાણે જેમ **ઔપપાતિક** સૂત્રને વિષે **દઢપ્રતિજ્ઞ**ની વક્તવ્યતા કહી છે તે સઘળી વક્તવ્યતા અહીં કહેવી યાવત્ તેને ઉત્તમ **કેવલજ્ઞાન** અને **કેવલદર્શન** ઉત્પન્ન થશે.

૪૯ ત્યારબાદ તે **દઢપ્રતિજ્ઞકેવલી** પોતાનો અતીત કાળ જોશે, જોઇને શ્રમણનિર્ગ્રન્થોને બોલાવશે. બોલાવીને એ પ્રમાણે કહેશે. હે આર્યો ! એ પ્રમાણે ખરેખર આજથી ઘણાં કાળ પહેલાં હું મંખલિપુત્ર ગોશાલક નામે હતો, અને હું શ્રમણોનો ઘાત કરી છદ્મસ્થાવસ્થામાં કાળ ધર્મ પામ્યો. હે આર્યો, તે નિમિત્તે હું અનાદિ અનન્ત અને દીર્ઘ માર્ગવાળા ચારગતિરૂપ સંસારાટવીમાં ભમ્યો, તે માટે તમે કોઈ **આચાર્યના પ્રત્યનીક** દ્વેષી ન થશો. **ઉપાધ્યાયના** પ્રત્યનીક ન થશો. આચાર્ય અને ઉપાધ્યાયના અયશ કરનારા અવર્ણવાદ કરનારા અને અકીર્તિ કરનારા ન થશો. અને એ પ્રમાણે મારી પેઠે અનાદિ અનન્ત સંસારાટવીમાં ન ભમશો. ત્યારપછી તે શ્રમણનિર્ગ્રન્થો દઢપ્રતિજ્ઞ કેવલીની પાસે એ વાત સાંભળી, અવધારી, ભય પામી, ત્રસ્ત થઇ ત્રાસ પામી અને સંસારના ભયથી ઉદ્વિગ્ન થઇ દઢપ્રતિજ્ઞ કેવલીને વંદન કરશે નમસ્કાર કરશે. વંદન–નમસ્કાર કરીને પાપસ્થાનકની આલોચના અને નિન્દા કરશે યાવત્ **ચારીત્ર**નો સ્વીકાર કરશે. ત્યારપછી **દઢપ્રતિજ્ઞ** કેવલી ઘણા વર્ષ પર્યન્ત કેવલ પર્યાયને પાળી પોતાનું આયુષ્ય થોડું બાકી જાણીને ભક્ત પ્રત્યાખ્યાન કરશે. એ પ્રમાણે ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત **સર્વ દુઃખોનો** અન્ત કરશે. હે ભગવાન્ ? તે એમજ છે. હે ભગવાન્ ? તે એમજ છે એમ કહી [ ભગવાન ગૌતમ ] વિહરે છે.

**ઇતિ મંખલિપુત્ર–ગોશાળાનું ચરિત્ર સંપૂર્ણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નોત્તરો.

( રાજપ્રશ્નમાંથી ઉદ્ધૃત )

લેખક-સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

પ્ર—કયા સદ્‌ગુણોથી યોગ્યતા મળી શકશે ? ધર્મ કઇ રીતે મળી શકશે ? તેનાં સાધનો કયાં છે ?

ઉ—શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા વિગેરે સદ્‌ગુણોથી યોગ્યતા મેળવવી. કોઈ વેળા સંત મહાત્માના યોગે ધર્મ મળી રહેશે. સત્સંગ, સતશાસ્ત્ર અને સદ્‌વ્રત એ તેનાં સાધન છે.

પ્ર—શ્રી તીર્થંકરે આત્મજ્ઞાનની ન્યૂનતા શાને કહી છે ?

ઉ—જેટલી સંસારને વિષે સાર પરિણતિ મનાય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા શ્રીતીર્થંકરે કહી છે.

પ્ર—શ્રી જિને ભાખેલા સર્વ પદાર્થોના ભાવો એક આત્મા નિજસ્વરૂપ પ્રગટ કરવાને અર્થેજ છે ?

ઉ—એમજ છે.

પ્ર—જ્ઞાનાક્ષેપકવંત, એટલે શું સમજવું ?

ઉ—વિક્ષેપ રહિત એવું જેનું વિચાર જ્ઞાન થયું છે એવો આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરૂષ.

પ્ર—જ્ઞાની પુરૂષની ઓળખાણ થવામાં જીવના કયા દોષો આડા આવે છે નડે છે ?

ઉ—હું જાણું છું-સમજું છું એવું માન, પરિગ્રહાદિ વિષે જ્ઞાની પુરૂષ કરતાં પણ વધારે રાગ, અને લોકભય, અપકીર્તિ ભય અને અપમાન ભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, જ્ઞાની પ્રત્યે જેવું વિનયાન્વિતપણું જોઈએ તેવું ન કરવું એ ત્રણે દોષોથી ઘણું કરીને જ્ઞાનીની ખરી ઓળખાણ થતી નથી.

પ્ર—જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ મુકતપણું કહ્યું તે ખરૂં છે?

ઉ—તે ખરૂં છે.

પ્ર—ચેતનશુદ્ધિ કેમ પમાશે ?

ઉ—કોઇ પણ આત્મા ઉદયિક કર્મને ભોગવતાં રાગદ્વેષને ટાળી સમભાવે વર્તતો અબંધ પરિણામે રહેશે તો અવશ્ય ચેતનશુદ્ધિ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર—આપણો મોક્ષ કેમ થયો નથી ?

ઉ—અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઇ નથી અથવા તેવા કોઈ સત્પુરૂષનો યોગ સાંપડયો નથી તેથી. નહીં તો મોક્ષ હથેળીમાં છે.

પ્ર—જીવને અનાદિના કયા કયા દોષો છે ?

ઉ—મળ, વિક્ષેપ અને અજ્ઞાન.

પ્ર—અજ્ઞાનની નિવૃત્તિ શી રીતે થઈ શકે ?

ઉ—જ્ઞાનીપુરૂષોનાં વચન પ્રાપ્ત થયે તેનો યથાયોગ્ય વિચાર થવાથી અજ્ઞાન નિવૃત્ત થાય છે.

પ્ર—મળ અને વિક્ષેપ શા માટે મટાડવાં ઘટે છે ?

ઉ—અજ્ઞાનની સંતતિ બળવાન હોવાથી તેનો રોધ થવાને અર્થે અને જ્ઞાનીનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે મળ વિક્ષેપ મટાડવા ઘટે છે.

પ્ર—મળ મટવાનાં સાધનો કયાં છે ?

ઉ—સરલતા, ક્ષમા, સંતોષ અને સ્વદોષોનું નિરીક્ષણ એ આદિ મળને મટાડવામાં સાધન છે.

પ્ર—વિક્ષેપ મટવાનું સાધન શું છે ?

ઉ—જ્ઞાનીપુરૂષની અત્યન્ત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે.

પ્ર—જ્ઞાની પુરૂષના વિરહે શું કરવા યોગ્ય છે ?

ઉ—તેવે પ્રસંગે જ્ઞાનીની દશા, ચેષ્ટા ને વચનો સાવધાનપણે સંભારવા યોગ્ય છે.

પ્ર—સ્વપ્ન સાચું કોનું પડે ?

ઉ—જેઓ તદ્દન નીરોગી હોય, તેમજ મન અને ઇન્દ્રિયોને ઠીક કાબૂમાં રાખી શકતા હોય તેનું.

પ્ર—આત્માને મળેલું સ્વરૂપ શાથી ભૂલી જવાય છે ?

ઉ—પ્રમાદને લીધે.

પ્ર—મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો કયાં કયાં છે ?

ઉ—અલ્પ આહાર, અલ્પવિહાર, અલ્પનિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા અને અનુકૂલ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે.

પ્ર—નવાં કર્મ બાંધવા નહીં ને જુનાં ભોગવી લેવાં એ રીતે કોણ વર્તી શકે છે ?

ઉ—એવી જેની અચળ ભાવના-જાગૃતિ છે તે એ રીતે વર્તી શકે છે.

પ્ર—આત્માની શ્રેષ્ઠતા શી છે ?

ઉ—શ્રેષ્ઠ વસ્તુની ભાવના-અભિલાષા કરવી તે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુદ્ધ હૃદયની ભાવના.

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ? દીનાનાથ દયાળ !
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ. ૨
નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉર માંહિ;
આપ તણો વિશ્વાસ દ્રઢ, ને પરમાદર નાંહિ. ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪
ભક્તિ માર્ગ પ્રવેશ નહીં, નહીં ભજને દઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૫
અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઇ. ૬
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહિ એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય. ૭
કેવળ કરૂણા મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૮
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહીં ગુરૂ સંતને, મૂકયું નહીં અભિમાન. ૯
સંતચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક;
પાર ન તેથી પામીયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૦
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્ગુરૂ પાય;
દીઠા નહીં નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય. ૧૧
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૨
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એજ;
સદ્ગુરૂ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દેજ. ૧૩

**સંગ્રાહક સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર.

( ગતાંક પૃષ્ઠ ૬૩ થી શરૂ )

## સોળમો અધિકાર.

**પ્રશ્ન**—સ્વર્ગમોક્ષાદિ પ્રાપ્ત કરવાનું સાધન શું છે ?

**ઉત્તર**—હિંસા, અસત્ય, ચોરી, સ્ત્રીસંગ અને પરિગ્રહ (પદાર્થો ઉપરની મૂર્છા) એ સર્વનો સર્વ પ્રકારે ત્યાગ કરવાથી સ્વર્ગમોક્ષાદિ પ્રાપ્ત થાય છે. જગત્પ્રસિદ્ધ ભગવાન્ એ પાંચને છોડિને જ સિદ્ધ થયા છે. મુમુક્ષુઓ ( મોક્ષના અભિલાષી સાધુ-મુનિયો ) માં સત્ય, શીલ, ક્ષમા, ઉપકારિતા, સંતોષ, નિર્દૂષણતા, વીતરાગતા, નિઃસંગતા, અપ્રતિબદ્ધચારિતા (વિના પ્રતિબંધે જવું આવવું) સજ્ઝાનિતા, નિર્વિકારતા, સદ્ગોષ્ઠિતા, નિશ્ચલતા, પ્રકાશિતા, અસ્વામિસેવિતા ( સ્વામિ સેવકપણાનો અભાવ ), અતીવસત્ત્વતા ( અતિશય પરાક્રમ ), નિર્ભિકતા, અલ્પાશનતા ( થોડું ખાવું ), વિશિષ્ટિતા, સંસારસંબંધજુગુપ્સતા ઇત્યાદિ જે અલ્પ ગુણો હોય છે તે જ જ્યારે તે મુમુક્ષુઓ સિદ્ધિ પામે છે ત્યારે અર્થાત્ સિદ્ધસ્વરૂપ શિવ થવાથી અનંત થાય છે. આમાં કેવલીનું વચન પ્રમાણ છે. સેવકે સ્વામીના શીલને અનુસરવું જોઇએ; આ વાત લોકમાં પ્રતીત છે. તદનુસારે મહાનુભાવ મુનિયો સિદ્ધના ગુણોને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી સિદ્ધ જે અમૂર્ત્ત, નિરાહાર, ગતદ્વેષ, વીતરાગ, નિરંજન, નિષ્ક્રિય, ગતસ્પૃહ ( ઇચ્છા રહિત ), સ્પર્ધા ( ચડસા ચડસી ) સહિત, બંધનસંધિથી વર્જિત, સત્કેવલજ્ઞાનરૂપી નિધાનથી સુંદર અને નિરંતર આનંદામૃત રસથી પૂર્ણ છે તેમના ગુણોનું યથાશકિત અનુકરણ કરે છે. યદ્યપિ સિદ્ધના સર્વ ગુણોને પૂર્ણપણે સેવવાને અહીં આ ભવમાં તે સમર્થ થતા નથી તથાપિ આત્મયોગ્ય બલ ( વીર્ય ) ફોરવીને સિદ્ધના ગુણોનો આશ્રય તો જરૂર લેછે. તે આ પ્રમાણેઃ—સિદ્ધો અમૂર્ત્ત પ્રકાશે છે. સાધુઓ દેહ ઉપર મમત્વ રાખતા નથી. સિદ્ધો અરૂપી છે, સાધુઓ શરીરના સંસ્કારનો તથા સત્કારનો નિષેધ કરે છે. સિદ્ધો નિરાહાર છે, સાધુઓ પણ કવચિત્ કવચિત્ ( કદી કદી પર્વ દિવસોમાં ) આહારનો ત્યાગ કરે છે. સિદ્ધો દ્વેષથી મુકત છે, સાધુઓ સર્વ જીવો ઉપર રૂચિ સહિત મૈત્રી ધારણ કરે છે. સિદ્ધો વીતરાગ છે, સાધુઓ બન્ધુઓના બંધનથી રહિત થાય છે. સિદ્ધો નિરંજન છે, સાધુઓ પ્રીતિવિલેપનાદિથી શૂન્ય રહે છે. સિદ્ધો નિષ્ક્રિય છે, સાધુઓ આરંભસમારંભના વિલંભ ( વિશેષ પ્રાપ્તિ ) થી દૂર રહે છે. સિદ્ધો નિઃસ્પૃહ છે, સાધુઓ કોઇ પ્રકારની આશા રાખતા નથી. સિદ્ધો અસ્પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્ધક છે. સાધુઓ વાદવિવાદ કરતા નથી. સિદ્ધો નિર્બન્ધન છે, સાધુઓ સ્વેચ્છા વિહારી છે. સિદ્ધો નિઃસંધિ છે, સાધુઓ પરસ્પરની ( એક રાખે તો બીજો રાખે એવી ) મિત્રતાથી વિરકત રહે છે. સિદ્ધો કેવલદર્શી છે. સાધુઓ સર્વ જગત્સ્વભાવની અનિત્યતા જોનારા છે. સિદ્ધો આનંદથી પરિપૂર્ણ છે, સાધુઓ અંતઃકરણ શુદ્ધ રાખે છે અને સંતોષથી સમભાવ ભાવે છે. ઇત્યાદિ પ્રકારે જે ગુણો સિદ્ધોમાં હોવાનું શાસ્ત્રોમાં જોવામાં આવે છે તે ગુણોને મુમુક્ષુઓ પ્રકલ્પી ( ધારી ) યથાશકિત આદરીને ક્રમે કરી સિદ્ધ થાય છે. બીજા ગૃહસ્થો પણ જે દુષ્કર્મની શાંતિ માટે પોતાની શકિત પ્રમાણે તે ગુણોને દેશથી ( અંશતઃ—સર્વથા નહિ ) અનુસરે છે તે પણ અનુક્રમે સુખી થાય છે*

**પ્રશ્ન**—ગૃહસ્થો ત્યારે ભલે એજ ગુણોનો ચિરકાળ દેશથી આશ્રય કરો પણ જે કામમાં જીવહિંસા થાય છે તેનો આશ્રય કરે છે તે શું સારૂં ?

**ઉત્તર**—ગૃહસ્થો પ્રાયઃ સ્થૂલબુદ્ધિ, અધિક ચિન્તાયુકત આરંભ સહિત અને પરિગ્રહ–( ધનધાન્યાદિ ) માં આદરવંત હોય છે, તેથી સૂક્ષ્મ દૃષ્ટિથી આલોકન (વિચાર) કરવામાં તેમની બુદ્ધિ કુંઠિત રહે છે (કામ કરતી નથી). આલંબન વિના તત્ત્વત્રય–(દેવ, ગુરૂ અને ધર્મ) માં તે વિમોહ પામે છે. માટે શુભાર્થે ભલે નિરંતર સાકાર દેવપૂજા, સાધુઓની સેવા અને દાનાદિ ધર્મ કરો. ઉચ્ચ ( ઉત્તમ ) કુલાચારના યશના રક્ષણાર્થે ( આત્માની ઉન્નતિને માટે ? ) ગૃહસ્થો પૂર્વે સર્વ પ્રકારના ધર્મનું સેવન કરતા, માટે હાલ પણ ગૃહસ્થો આત્મસંપદા માટે દ્રવ્યથી અને ભાવથી બંને પ્રકારે ધર્મનો આશ્રય લ્યો. ગૃહસ્થો પ્રાયઃ સાવદ્ય (પાપમય વ્યાપાર ) માં રકત, સદાકાળ ઐહિક ( આ લોક સંબંધી ) અર્થ પ્રાપ્તિમાં પ્રસકત (મચેલા), કુટુંબ પોષણાર્થે ઉચ્ચ નીચ ઘણી વાર્તા [ આજીવિકા ] માં આદર યુકત, પરતન્ત્રતાથી ખિન્ન અને મનમાન્યા પુણ્યકાર્યમાં ઉદ્યમવંત હોય છે. તે આત્મરૂચિ પ્રમાણે જ પ્રવૃત્તિ કરે છે. માટે સ્વચિત્તની અભિતુષ્ટિ માટે જે પુણ્ય કરે તે કરવા દ્યો. એ ગૃહસ્થો હૃદયમાં જાણે એમ ધારીને દ્રવ્યધર્મ કરે છે કે જેમ આ મન દ્રવ્ય વડે અન્ય કર્મો કરાવ્યાથી તુષ્ટિ ધારણ કરે છે તેમજ દ્રવ્યવડે કોઇ પ્રકારના ધર્મ પણ કરીને સ્વ મનને પ્રસન્ન કરીએ. ગૃહસ્થોના સર્વ વ્યાપાર દ્રવ્યથી સિદ્ધ થાય છે તેથી દ્રવ્યવંતોને દ્રવ્યવડે જ સ્વધર્મ સાધવાને સ્વાભાવિક મન થાય છે અને તે યુકત છે. કેમકે જેનું જેમાં બલ હોય તે જ બલવડે તે પોતાનું ધાર્યું કરે. માટે દ્રવ્યધર્મ કરતા ગૃહસ્થોના મનની જે પ્રકારે સંસાર કાર્યથી સંવૃતિ ( રોકાવું ) થાય તે પ્રકારે સાલંબન ( સાકાર દેવપૂજા, સાધુસેવા અને દાનાદિ ) દ્રવ્ય ધર્મમાં–પુણ્ય વિધિમાં તે મન–અપેક્ષા રાખો. સ્વઇન્દ્રિયોને સંસાર સંબંધી ક્રિયામાંથી

* શ્રી પરમેશ્વર છે અને તેની સેવાથી મુક્તિ મળે છે એવું માનનારા સર્વ શાસન ( મત-દર્શન ) ના લોકો પરબ્રહ્મ પામવાની ઇચ્છાથી પરમેશ્વરપ્રીત્યર્થ (પરમેશ્વરની પ્રીતિ મેળવવા ) એજ ગુણોને અનુસરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોકીને જેથી મન થોડું પણ સ્થિર થાય તે પૂજાદિનો જ આશ્રય કરો. જ્યાંસુધી અનાકાર પદાર્થનું ચિંતન–સિદ્ધ પરમાત્માનું નિરાલંબન ધ્યાન કરવામાં મન સમર્થ ન થાય અને સુસાધુ કુસાધુનો નિશ્ચય કરવા યોગ્ય જ્ઞાનોદય ન થાય ત્યાંસુધી નિશ્ચયદૃષ્ટિ કુલીન પુરૂષે સ્વવ્યવહારની રક્ષા કરવી. નિશ્ચય ઉપર દૃષ્ટિ કાયમ રાખી એ રીતે વ્યવહાર સાચવનાર ગૃહસ્થ બીજાથી નિંદાતો નથી. જ્યારે નિરાકાર પદાર્થમાં પણ ચિત્ત સ્થિર થાય ત્યારે સિદ્ધનું નિરાલંબન ધ્યાન કરવું. તે સાધવા માટે સાધુઓએ અને ગૃહસ્થ પ્રમુખોએ આત્મજ્ઞાનમાં પ્રયત્ન કરવો. પૂર્વે જે દ્રવ્ય અને ભાવ એ પ્રકારનો ધર્મ કહેવામાં આવ્યો તે સર્વ નિર્વાણધામ—( મોક્ષરૂપ મહેલ ) ની દ્વારભૂમિ ( આંગણું ) પ્રાપ્ત કરવા માટે ઉત્તમ સ્થાન ( વાહન ) સમાન છે અને આત્મજ્ઞાન એ આંગણામાં પહોંચ્યા પછી નિર્વાણ ધામની અંદર પ્રવેશ કરવા માટે આંગણામાંના પાદવિહાર ( પગે ચાલવા ) સદૃશ મહાત્માઓને શિવાલય ( મોક્ષ ) માં અવસ્થિતિ ( રહેવાનું ) કરી આપનાર છે. અર્થાત્ આત્મજ્ઞાન એ પરમધર્મ છે જે સાધવાથી નિર્વૃતિ ( મોક્ષ ) નિશ્ચિત થાય છે. આત્મજ્ઞાનમાં જ્ઞાન દર્શન અને ચારિત્ર પ્રમુખ સર્વ ગુણસમૂહ હોય છે. આત્મજ્ઞાન પ્રકૃષ્ટપણે ( અતિશય ) જયવંત વર્તે છે કેમકે જ્ઞાનાદિ શુદ્ધિ એમાં અનંત થાય છે. તે થવાથી અનંત ચતુષ્ટય ( અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખ ) પ્રાપ્ત થાય છે. જેમ આકાશ દર્શનમાં તેમ એ અનંત ચતુષ્ટયનો પાર પામવાને સર્વજ્ઞ વિના કોઇનું જ્ઞાન સર્વ પ્રકારે શાશ્વત સમર્થ નથી. (ચાલુ)

# ધર્મસાગરઉપાધ્યાયરાસ.

( ગતાંક પૃષ્ટ ૬૦ થી શરૂ )

દુહા,

ઇણ અવસરિ તિહાં આવિઆ, **વિસલનયર** મઝારિ,
ઉપશમ રસ ભરપૂરીઉં, કરવા જન ઉપગાર. ૪૦
જિણવર આણ હઇએ ધરઇ, વઇરાગી વડવીર,
જાસ નામ હિઅડઇ ધરઇ, તે પામઇ ભવતીર. ૪૧
જસ દરિસન દેખી કરી, બૂઝઇ ભવિઅણ–વૃંદ,
વાચક **વિદ્યાસાગરૂ**, ધિન ધિન એહ મુણિંદ. ૪૨
શ્રી ગુરૂ **વિદ્યાસાગરૂ**, મૂરત લીઇ વિશેષ,
શ્રી સંઘ રંગિં મોકલઇ, સઘલઇ નયરિ લેખ. ૪૩
સંવત **પનરપંચાણુઇ**, **માહ** માસ લસંતિ,
**સુકલ** પખિ **દશમી** દિનેઇ, સંયમ લીઇ મન ખંતિ. ૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ અસાઉરી

સકલ સંઘ તિહાં આવઇ હરખિઇ, દીખ્યા મહોછવ કાજ,
મોહન મુરતિ દેખી બોલઇ, ધિન ધિન ધન વનરાજ. ૪૫
સામિચ્છલ સારાં કીજઇ, દીજઇ ફોફલ પાન,
ઇણીપરી સંયમ સંઘ સંતોષી, યાચકનઇ દઇ દાન. ૪૬
વરઘોડિ વરઘોડઇ ચઢીઆ, વાજઇ ઢોલ નિસાણુ,
સોહાસિણ આસીસ, તિહાં, ચિર જીવો જિહાં ભાણુ. ૪૭
ભુંગલ ભેરી નફેરી વાજા, પંચ શબ્દ તિહાં, વાજઇ,
તંતી નિવિલ તાલ ભલી પરી, ધપ ધપ મદ્દલ રાજઇ. ૪૮
સરણઇ સર સુંદર સાખ્યા (?), નિસુણી જલધર લાજઇ,
દમ દમ ઢોલ દદામા નાદઇ, અંબર ગાજઇ, ૪૯
વીણા શંખ મનોહર દીપઇ ઝલ્લરી નાદઈ છાજઇ,
નાનાવિધ વાજાં તિહાં નિસુણી, કુમતીના મદ ભાજઇ. ૫૦
ઇણઇ મલાઇ દીખ્યા લેવા, આવઈ શ્રી ગુરૂ પાસ,
સાત જણાસ્યું દીખ્યા લેતાં, પોહચઇ મનની આસ. ૫૧
વિનય વિશેષ કરઇ ગુરૂ કેરો, ભણઈ ભલીપરિ શાસ્ત્ર,
શ્રી પંડિત જીવરાજનઈ એહવાં, મિલિઆં મોટાં પાત્ર. ૫૨
નામ દીઈ તિહાં શ્રી ગુરૂ સુંદર, ધર્મસાગર ગુણધામ,
વિમલસાગર બિજા બંધવનું, નામ ઠવઇ અભિરામ. ૫૩
વિજયદાન સૂરિ કહનઇ, પંડિત શ્રી જીવરાજ,
ધર્મસાગર નિજ સીસનઇ, મુંકઇ ભણવા કાજ. ૫૪
બહુલી બુદ્ધિ દેખી કરી, વિજયદાન ગણધાર,
શ્રી ધર્મસાગરનઇ સદા, શાસ્ત્ર ભણાવઇ સાર. ૫૫
જૈન શાસ્ત્ર થોડઇ દિનઇ, ભણીઆ દો નિજ સીસ,
હીરહર્ષ ધર્મસાગરૂ, પોહતી મનહ જગીસ. ૫૬
ગોગ્ય જાણી દોઇ સાસનઇ, મોકલઇ તપગછરાય,
દેવગિરી ભણવા ભણી, હઇડઈ હર્ષ ન માય. ૫૭

રાગ દેશાખ.

તિહાંથી રે વા(ચા) લઇ ગુરૂનઇ વાંદી, શકુન ભલેરે મનિ આણંદી,
આવતા જાણી સાહ ચાંદસિંહ, તસ ઘરણુ (ણી) જસમાઇ અબીહ. ૫૮
બિહું જણનઇ આણંદ જ પાય, આપણનઇ હુઉ ગુરૂનુ પસાય,
દિન થોડઇ દેવગિરિ મઝારિ, પોહતા શુભ લગનઇ શુભવાર. ૫૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુહા.

સાહ **ચાંદસી** તેડી કરી, મેલ્યા ભટ્ટ અનેક,
વિવાઇ કરી આગલો, **વિશ્વનાથ** જગિ એક. ૬૦
હિઅડઇ હર્ખ્યા ઇમ, કહઇ **ચાંદસીંહ** પ્રધાન,
મુહડિ ૪ માગો તે લિઉ, શાસ્ત્ર ભણુવો જાણુ, ૬૧
**જસમાદે** જસ જાગતો, શીલવતી માહિ લીહ,
દિવસ પ્રતિ એકહુ ન તિહાં આપઇ સોહ **ચાંદસીંહ**. ૬૨

દોય **જણુ** તિહાં શાસ્ત્ર **અભ્યાસ.** કરઇ ત (ભ) લાપરિ ઉલાસ.
બિહું વરસઇ વર વિરીઆ, સો આણુંદઇ ભરીઆ. ૬૩
દસક ભટ્ટ માહિ જ મહિ (મા) વાધ્યુ, **દેવગિરિ** માહિં જયવાદ સાધ્યું,
(**અં**)તરીક **પાસનાથ** જુહારી, ચતુરપણુઇ ચાલઇ શ્રુતધારી. ૬૪
શ્રી ગુરૂ ચરણુ આવીતઇ વાંદે, સકલ સંઘના ચિત આણુંદે,
(**ના**)ઈડલાઇ (ન)યરી પરસીદ્ધ, પંડિત પદ તિહાંથી થાપન કીધ. ૬૫
શ્રી **વિજયદાન** સૂરિ ગણુધારી, મોકલઇ **મેડતા** નયર મઝ્ઝારિ,
શાસ્ત્ર ચિંતવન્યો હિઅડઇ આણી, ચઉમાસું મુંકઇ હિત જાણી. ૬૬
ચઉમાસું કરી વાંદવા આઠ(વ)ઇ, શ્રી ગુરૂનઇ તે અતિ ભાવઇ,
મનિ ઠવઇ ઋષિ એ મોટા મુનિ કહિઇ, શ્રી ગુરૂ જંખઇ કાઉસગિ રહિઇ. ૬૭
કાઉસગિ ઋષિબાલો એહવું નિરખઇ, શ્રી **વિજયદાન** સૂરીસર હરખઇ,
તિણુ મોટાં પાત્ર અમૂલ, તેહ તણુઇ ત્તિરે મૂંકયા ફ(ફુ)લ. ૬૮
**હિરહર્ષ** માથિ દોય ફૂલ, મુનિવર દેખઇ અતિ બહુ મૂલ,
**ધર્મસાગર રાજવિમલ** કહિઈ, તેહ તણુઇ શિર એકજ લહિઇ. ૬૯
સપન વિચારઇ કરઇ ભગવન્ત, ઉવઝાય પદ યોગ્ય એ છઇ તિણુ શ્રુતાવાસ (શ્રુતાપન્ન),
શુભવાસર શુભવેલા જાણુ, [1]ઉવઝાય પદ તિણુ થાપઇ નાણુ. ૭૦
**આદીસર** દેહરા મઝારિ, ત્રિણુ જણાં પદ દીધાં સાર,
**સંઘ સહુ નડુલાઇ** કેરો, ઉચ્છવ મહોચ્છવ કરઇ અધિકેરો. ૭૧
શ્રીપૂજ કેરો આદેશ પામઇ, વિચરઇ શ્રી ગુરૂ ગામો ગામઇ,
શ્રાવકના સમકિત ઉજુઆલઈ, કુમતઈ પોઉતો લોકનઇ વારઇ. ૭૨

દુહા.

**શિવપુરી** આવઇ વિચરતા, સકલસૂરિ શિરતાજ,
આચાર્યપદ થાપવા, **હીરહર્ષ** મુનિરાજ. ૭૩
તેડાવઇ તપગચ્છધણી, **ધર્મસાગર** ઉવઝાય,
પ્રમુખ સાધુ તિહાં મિલઇ, આચારય પદ થાય. ૭૪

---

૧ ઉપાધ્યાયપદ દીધું સં. ૧૬૦૮ માઘ સુ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ સામેરી.

આચારય પદ તિહા દીધું, સંઘ ચઉવિહનઇ સુખ કીધું,
કરઇ સંઘ મહામંડાણ, ધિન જીવું એ પરમાણ. ૭૫
શ્રી **હીરવિજય** સૂરિ નામ, દીધું એહવું અભિરામ,
ચિરંજીવો એ ભગવંત, બોલઇ ગિરૂઆ ગુણવંત. ૭૬
શ્રી **હીર**વિજયસૂરિ રાય, શ્રી **ધર્મસાગર** ઉવઝાય,
શ્રી પૂજ્યઇં વાચના દીધિ, **પાટણ** નયરિ પરસિધિ. ૭૭

( દુહા )

સકલ વાદિ શિર તો ખરૂ, મહીઅભિ મહિમાવંત,
જાસ નામ શ્રવણે સુણી, વાદી વાદ ત્યજંત. ૭૮
જય વાદિ જગિ આગલો, **ધર્મસાગર** ઉવઝાય,
જાણુ વાકોનિર (વીકાનેર) તિહાં, મોકલઇ **ત**પગછરાય. ૭૯

( ઢાલ ચાલુ )

**સહુ આગલ**(મ) વાચના લેઇ, **નિજ ગુરૂ** નઇ પરદખ્યિણુ દેઇ.
ચાલઇ ગુરૂજી ગહગહતા, શુવાકાંરીર (વીકાનેર) પોહતા. ૮૦
મંત્રીસર **દેવો મોહ**તો, નીતી નીતમુ વાદ કરતો,
**સહસારણુ** કુમત નિધાન, તસ ન્યાન તણે શ્રુતિમાન. ૮૧
તેહનઇ સમઝાવા વાલઇ, નીતા નિત્ય સંશય ટાલઇ,
મોંટો રાય **કલ્યાણુ** કહિઇ, તસ રાજસતા **જસ** લહિઇ. ૮૨
પ્રતિષ્ઠા **ચિત્રોડ** નયરિં, કીધી ગુરૂજી ભલી પરિં,
પરવાદિં સાથિ વાદ, કરિ તસ ઉતાર્યાં દેવનાદ. ૮૩
જયવાદ બરયો **જાલોરઇ**, **ખરતર** ઇણી પરઇ,
વ્યવહારીનઈ દેઇ દીખ્યા, સીખવઇ શ્રી ગુરૂ શિષ્યા. ૮૪
પ્રતિષ્ઠા તિહાં વલિ જાણો, સહુ સંઘ હુઉ સપરાણો,
**નાઉ(ડ)લાઈ** પ્રતિષ્ઠા મોટી, શ્રાવક ખર(ચ)ઇ ધનકોટિ. ૮૫
પૂણ્યયોગઇ પૂજ્ય પધાર્યા, કુમતઇ પડતા **જન** વાર્યા,
બહુ લોકના સંશય ટાલ્યા, **વીજામતિ** તિહાં કણિ ચાલ્યા. ૮૬
અનુક્રમઇ **ગૂજર** દેશઈ, આવઇ ગુરૂનઈ ઉપદેશઇ,
**પાટણ** નયરઇ પરસિદ્ધ, **ખરતર** સ્યું **જયવાદ** સિદ્ધ. ૮૭
વ્યવહારી બહુ ધનવંત, કીધાં કામ ઘણાં મહંત,
દીખ્યા લીઇ અખ્યા ગણીઆ, શ્રી સહગુરૂ પાસઇ ભણિઆ. ૮૮
[1]**અહિમનગ**(ર) ચઉમાસઈ, આવઇ ગુરૂજી ઉલાસઇ,
તિહાં દીખ્યા લેઈ ધનવંત, વૈરાગી વિદ્યાવંત. ૮૯

1 નાગોર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીઅ **હીર**વિજયસૂરીસ, જસ નામઇ સુ ન(મ)ઇ સીસ,
તેહ તણો આદેશ પામઇ, પોહચ્યઈ **જેસલમેર** ગામઇ. ૯૦
**હરરાજ રાવલ** તિહાં રાજઇ, મોટા વૈરી તણ(ા) મદ ભાજઇ,
તેહની સભા માહિં દીપઇ, **ધર્મસાગર** વાદિ નઇ જીપઇ. ૯૧
**સીરોહી** જીરાઉલા **પાસ**, થી પોહ(ત)વા ય આસ, (?)
**સૂરતિ** નયરઇ ચઉમા(સ), સંઘ આગતિ ધર્મપ્રકાસ. ૯૨
જયવાદ વરયો વર તિહાં, રાયવર તિહાં
રાય **કલ્યાણ** સનાસના સભા જીહાં,
ચઉથઇ પજુસણ કરવું, હિઅડઇ સહુઇ એ ધરવું. ૯૩

દૂહા.

વિનય કરી વિદ્યા ભણ્યા, શ્રી ગુરૂ પાસઈ જેહ
તેહ તણાં નામ હું કહું, જિમ હીમ નિર્મલ દેહ. ૯૪

રાગ દેશાખ.

**વિમલસાગર** બુધ બુદ્ધિ નિધાન, **જ્ઞાનવિમલ** પંડિત પરધાન.
**વિજયકુશલ** પંડિત માહિં સોહઈ, વિબુધ **વિવેકવિમલ** મન મોહઇ. ૯૫
વિનયવંત **વિનયસાગર** કહીઇ, તેહની બુદ્ધિનો પાર ન લહીઇ
**ઉદયવંત** (ઇ) દય(ા)**રૂચિ** પંડિત, સાધુ તણઇ ગુણઈ મંડિત. ૯૬
**પદ્મસાગર** પંડિત પરસિદ્ધ, **લબ્ધિસાગર** બહુ લબ્ધિ સમૃદ્ધ,
ગુણસગિ(સાગર) ગાજઇ જિમ દરિઉ, બુધ **દરિસન(સા)ગર** ગુણ ભરિઉ. ૯૭
**જ્ઞાનસાગર** જ્ઞાન વખાણું, **શ્રુતસાગર** ગાજઇ જિમ દણુસાત્તો ત્રાણું (?
વિબુધ **વિવેકસાગર** વેરાગી, **મેઘસાગર** પંડિત સોભાગી. ૯૮
**માણિકચસાગર** મહિમાવંત, પંડિત એ ગિરૂઉ ગુણવંત,
પ્રત્યાદિક પંડિત ની(પા)યા, કવિજન કહઇ મઇ હરખઈ ગાયા ૯૯
**જંબૂદ્વીપ** પન્નત્તિ સૂત્ર, તેહની વૃત્તિ કરી પવિત્ર,
કિરણાવલી કલ્પસૂત્રમાં જાણઉ, **પ્રવ(ચ)ન પરીક્ષા** હિઅડઇ આણઉ. ૧૦૦
**તત્ત્વતરંગિણો ગ્રંથ** પ્રમુખ, જે વાંચઇ પામી જઇ સુખ,
એહવા ગ્રંથ કર્યા અનેક, હિઅડઇ આણ વારૂ વિવેક ૧૦૧
અનુકરમઇ વિહાર કરંતા, ઠામિ ઠામિ ભવિઅણ બોહંતા,
**અમદાવાદ** આવ્યા ગણધારી, જગગુરૂ મોટો જગિ જયકારી. ૧૦૨
સાહ **મુરાદ** તિહાં બલવંત, વૈરી તણો જો આઇણા (જે આણે) અંત,
તિહાં તેડાવીઅ શ્રી સૂરીસ, ધર્મ(મ)ર્મ પૂછઈ અ(હ)નીસ. ૧૦૩
તગબન (?) ભલી પઇરઇ પઇકાસઇ, જીવ યાઇ તસ વિ(ચિ)ત વાસઇ,
શ્રી ગુરૂ **ધર્મસાગર** તિહાં આઇ વંદઇ, બિહુ જણનાં મન આણંદઇ. ૧૦૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વલતું ભગવન ઇમ પ્રકાસ્યું, વિમલ વાત રા યાસ્યું (?)
**ધર્મસાગર** બોલઇ વાણી, ત્રિકાલ વંદના હોજ્યે નાંણી. ૧૦૫

દૂહા.

મહિઅતિ મોટો સુખકરૂ, **હીરવિજય** સૂરિંદ,
**શેત્રુંજે** યાત્રા ભણી, ચાલઇ પરમાનંદ ૧૦૬
જગ ગુરૂ જગમાહિં જાણુઈ, સાધ્વી **સંઘવી** એહ,
જેણઇ કરાવી યાતરા, નિર્મલ કીધી દેહ. ૧૦૭
શ્રી ગુરૂ વાંદી ચાલિઆ, ચતુરપણઈ ચિત જાંણુ,
**વટપદ્ર** નયર પધારિઆ, **ધર્મસાગર** ગુરૂ ભાણુ, ૧૦૮

રાગ મારૂણિ.

શ્રી ગુરૂ શ્રી **ધર્મસાગર**, પ્રણમઇ સુર નરના નાગર,
આગર નાનાવિહ ગુણ રયણનો એ. ૧૦૯
**હીર**વિજય સૂરિ **ત**પાગછપતિ, વંદઇ સુરનર યતિ,
તક્તિર (?) પતિસાહિ **અ**કબ્બર છાત્તિઉ ?) ૧૧૦
તેહ તણઇ આદેશઈ, ચાલઇ કુંકુણ દેશઈ,
હોસ્યઇ એ **સુરતિ** નયર આનંદ ઘણા એ. ૧૧૧
ત્રિજગતાં મન મોહઈ, **હીરવિજય** સૂાર સોહઇ,
પડિબોહે ભવિજનના મન રંગસ્યું એ. ૧૧૨
**શ્રી (ઉ)ના** નયર મનોહર, ચઉમાસું રહ્યા ગણધર,
સુખકરૂ જિમ સાયરનઇ ચંદલો એ. ૧૧૩
શ્રી ગુરૂ અંત સમય જાણી કરી, એ વાત ચિતમાં ધરી,
અતિ ખરી એહ સમય અપાસણ (અનશણ) તણો એ. ૧૧૪
**ભાદ્રવ સુદિ એકાદસી**, દેવ કોડિ તિહાં ઉલસી,
હવઇ હોઈ એમ અધિપતિ વિમાનનો એ. ૧૧૫
ભગવનજી સ્વર્ગપુરી, પધારિઆ એહ વાત સુણી કરી,
શ્રી **ધર્મસાગર** બોલઇ દુખ ધરી,
આંસુભરી હે હે દેવ કિસ્યું કર્યું એ. ૧૧૬
અવમ જિહું કેરી જોડલી, દેવઇ કિધી ખોડલી,
કો વલિ એહવો નહિ મિલઇ : જગગુરૂ ' એ. ૧૧૭
**વિજયસેન** સૂરી વંદી જઇ, આતમ સાધન કીજઈ,
લીજીઇ મુગતિ તણું સુખ હુકડીએ. ૧૧૮

( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમહાવીરસ્વામી ભગવાનના વિહારની યાદી.

## ( શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત ત્રિષષ્ઠીશલાકા પુરૂષચરિત્ર શ્રીમહાવીર ચરિત્ર દશમા પર્વ ઉપરથી. )

( સંગ્રાહક—મુનિ જયંતવિજય ( ધર્મજયન્ત ) શિવપુરી-ગ્વાલિયર.

સર્ગ. શ્લોક. ( ગતાંક પૃષ્ઠ ૭૧ થી શરૂ )

૩ ૫૭૫ તુંબાકગ્રામ.
,, ૫૮૧ કૂપિકાગ્રામ. ( ગુપ્તચર ભ્રાંન્તિથી પકડાયા ) ગોશાલો જુદો પડયો.
,, ૫૮૭ વિશાલીનગરી. ( લોહકારશાલામાં લોહકારોપસર્ગ )
,, ૬૧૧ ગ્રામાગ્રામ. ( બિભેલિકયક્ષે પૂજા કરી )
,, ૬૧૪ શાલિશીર્ષગ્રામ. ( વ્યંતરીનો શીતોપસર્ગ ) લોકાવધિ ઉત્પન્ન થયું.
,, ૬૨૫ ભદ્રિકાપુરી. ( છઠું ચોમાસું ) ગોશાલો ફરી મલ્યો.
૪ ૧ મગધદેશ.
,, ૨ આલભિકાપુરી ( સાતમું ચોમાસું )
,, ૩ કુંડકગ્રામ.
,, ૧૧ મર્દનગ્રામ.
,, ૧૩ બહુશાલગ્રામ-શાલવનોદ્યાન-( વ્યંતરીના ઉપસર્ગો )
,, ૧૫ લોહાર્ગલપુર. ( જિતશત્રુ રાજા ) હેરિક ભ્રાન્તિથી પકડાયા પછી રાજાએ પૂજ્યા.
,, ૧૯ પુરિમતાલપુર
,, ૩૬ ઉષ્ણાકગ્રામ.
,, ૪૬ ગોભૂમિ.
,, ૫૨ રાજગૃહનગર. ( આઠમું ચોમાસું )
,, ૫૪ વજ્રભૂમિ–શુદ્ધભૂમિ–લાટાદિમ્લેચ્છભૂમિષુ ( નવમું ચોમાસુ )
,, ૬૭ સિદ્ધાર્થપુર.
,, ૬૭–૭૫ કૂર્મગ્રામ ( તિલસ્તંબપૃચ્છા ) ગોશાલા ઉપર શીતલેશ્યા મૂકી.
,, ૧૨૫ સિદ્ધાર્થપુર. ( માર્ગે તિલસ્તંબપરીક્ષા) ગોશાલો તેજોલેશ્યા સાધવા જુદો પડયો.
,, ૧૩૮ વૈશાલીનગરી. ( પિતૃમિત્ર શંખગણરાટે પૂજ્યા )
,, ૧૩૯ મંડિકિકા નદી. (વૈશાલી અને વાણિજક ગ્રામની વચ્ચે ભગવાન્ નાવથી ઉતર્યા) શંખરાજાના ભાણેજ ચિત્રે નાવિકથી ભગવાનને છોડાવ્યા.
,, ૧૪૩ વાણિજકગ્રામ.
,, ૧૪૮ શ્રાવસ્તિનગરી. ( દશમું ચોમાસું ) કોષ્ટક ઉદ્યાનમાં.
,, ૧૪૯ સાનુયષ્ટિકગ્રામ.
,, ૧૬૦ દૃઢભૂમિ. ( મ્લેચ્છલોકોની )
,, ૧૬૧ પેઢાલગ્રામ. ( પેઢાલારામમાં પાલાસ ચૈત્યમાં સંગમકોપસર્ગ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



,, ૨૮૪ વાલુકાગ્રામ (પંચશતચૌર-તસ્ત્રવાલુકોપસર્ગ).
,, ૩૧૯ ગોકુલ (સંગમદેવોપસર્ગ પછી પારણું કર્યું) ગોકુલમાં.
,, ૩૨૨ આલભિકાપુરી.
,, ૩૨૭ શ્વેતવી નગરી.
,, ૩૨૮ શ્રાવસ્તી નગરી (સ્કંદ પૂજા).
,, ૩૩૮ કૌશાંબીનગરી (ચંદ્રસૂર્યાગમન).
,, ૩૪૦ વારાણસી નગરી.
, ૩૪૧ રાજગૃહનગર.
,, ૩૪૨ મિથિલાનગરા (જનકરાજા પૂજા).
,, ૩૪૩ વિશાલી નગરી (સમરોદ્યાનમાં ૧૧ મું ચોમાસું).
,, ૩૭૨ સુંસમારપુર (અશોકખંડોદ્યાને અશોક વૃક્ષે ચમરેંદ્રોત્પાત).
,, ૪૬૭ ભોગપુરનગર.
,, ૪૭૧ નંદિગ્રામ (પિતૃમિત્ર નંદિએ પૂજ્યા).
,, ૪૭૨ મેંઢકગ્રામ (ગોપાલોપસર્ગ).
,, ૪૭૪ કૌશાંબીનગરી.
,, ૬૦૧ સુમંગલગ્રામ.
,, ૬૦૨ સત્ક્ષેત્રગ્રામ.
,, ૬૦૩ પાલકગ્રામ (ભાયલાખ્ય વણિક્-ઉપસર્ગ).
,, ૬૦૫-૬૦૬ ચંપાનગરી (સ્વાતિદત્ત વિપ્રની અગ્નિ હોત્રશાલામાં ૧૨ મું ચોમાસું) (પૂર્ણભદ્ર માણિભદ્રયક્ષ પૂજા).
,, ૬૧૪ જૃંભકગ્રામ (શક્રેન્દ્રેનાટ્ય વિધિ દેખાડા).
,, ૬૧૬ મેંઢકગ્રામ.
, ૬૧૮ ષણ્માનીગ્રામ (કર્ણકીલોપસર્ગ).
,, ૬૨૬ (મધ્યમા) અપાપાનગરી (મહાભૈરવોદ્યાન-કીલક કર્ષણ સ્થાન).
,, ૬૫૮ જૃંભકગ્રામ.
,, ઋજુપાલિકા નદી (જૃંભક ગામની પાસે તે નદીના ઉત્તરકાંઠે-અવ્યક્ત ચૈત્યની પાસે શ્યામાકકુણબીના ક્ષેત્રમાં શાલવૃક્ષ નીચે ભગવાનને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું).
૫ ૧૮ અપાપા નગરી (જૃંભકગ્રામથી બાર જોજન) મહાસેન વનમાં ચતુર્વિધ સંઘ સ્થાપના.
૬ ૩૬૨ રાજગૃહનગર (ગુણાશલ્લચૈત્યમાં ભગવાન્ સમોસર્યા. મેઘકુમાર-નંદિષેણ દીક્ષા.
૭ ૧૦ રાજગૃહનગર
,, ૧૨૭ રાજગૃહનગર.
,, ૩૫૬ રાજગૃહનગર (આર્દ્રકુમારે ભગવાનને પ્રથમ વાંધ્યા).
૮ ૧ બ્રાહ્મણકુંડગ્રામ (બહુશાલોદ્યાનમાં દેવાનંદા-ઋષભદત્ત દીક્ષા).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



„ ૨૯ ક્ષત્રિયકુંડગ્રામ (જમાલિ પ્રિયદર્શના દીક્ષા).

„ ૭૫ પરિ ચંપાયાં પૂર્ણભદ્રેવને (કેવલજ્ઞાન પછી ૧૪ વર્ષે જમાલી નિહ્નવ).

„ ૧૮૪ કૌશાંબીનગરી (મૃગાવતી દીક્ષા).

„ ૨૪૧ વણિજકગ્રામ (પૂતિપલાશવન–આનંદ શ્રાવક ).

„ ૨૭૦ ચંપાનગરી (પૂર્ણભદ્રોદ્યાન–કામદેવ શ્રાવક).

„ ૨૮૨ કાશીનગરી ( કોષ્ઠકવન-ચુલનીપિતા તથા સુરાદેવ ).

„ ૨૯૯ આલભિકાપુરી (શંખવનોદ્યાન–ચુલ્લશતિક શ્રાવક).

„ ૩૦૨ કાંપિલ્યપુર (સહસ્રામ્રવણોદ્યાન–કુંડગોલિક શ્રાવક)

„ ૩૧૧ પૌલાશપુર (સહસામ્રવન–શબ્દાલપુત્ર શ્રાવક).

„ ૩૨૭ રાજગૃહનગર (ગુણ શિલચૈત્ય મહાશતક શ્રાવક).

„ ૩૩૧ શ્રાવસ્તીનગરી (કોષ્ઠકવન–નન્દિની પિતા શ્રાવક તથા લાંતકાપિતા શ્રાવક).

„ ૩૩૭ કૌશાંબીનગરી (ચંદ્ર સૂર્ય મૂલ વિમાનથી આવ્યા–ચંદનબાલા અને મૃગાવતીને કેવલજ્ઞાન થયું)

„ ૩૫૪ શ્રાવસ્તીનગરી ( ગોશાલોપસર્ગ ) કોષ્ઠકવનમાં.

„ ૪૭૧ મેંઢકગ્રામ ( કોષ્ઠકચૈત્ય ).

૯ ૨૧ પોતનપુર ( મનોરમોદ્યાને પ્રસન્નચંદ્ર રાજર્ષિ દીક્ષા ).

„ ૨૫ રાજગૃહનગર ( પ્રસન્નચંદ્રરાજર્ષિ કેવલજ્ઞાન).

„ ૧૬૬ પૃષ્ઠચંપાપુરી (સાલ–મહાસાલ દીક્ષા).

„ ૧૭૦ ચંપાનગરી (કાલાન્તરે વિચરતા ભ૦ સમોસર્યા ) પૃષ્ઠ ચંપાથી ગૌતમસ્વામી સાથે ચંપાનગરી આવતાં–સાલ–મહાસાલાદિ પાંચ જણને કેવલજ્ઞાન થયું ).

૧૦ ૧ દશાર્ણ દેશમાં દશાર્ણપુરનગર (ચંપા નગરીથી વિચરતા ભ૦ આંહી પધાર્યા).

„ ૧૪૫ વૈભારગિરિ (દશાર્ણભદ્ર દીક્ષા) (રાજગૃહપાસે) (ધન્નાશાલિભદ્ર દીક્ષા).

„ ૧૫૩ રાજગૃહનગરમાં ભગવાન ફરી પધાર્યા અને વૈભારગિરિ ઉપર ધન્નાશાલિભદ્રે અનશન કર્યું.

૧૧ ૧૫ રાજગૃહનગર (રૌહિણેયે ભગવાનનાં વચનો સાંભળ્યાં).

„ ૧૦૭ રાજગૃહનગર (રૌહિણેય દીક્ષા).

„ ૩૧૧ રાજગૃહનગર (વીતભયનગરીના રાજા ઉદાયનને દીક્ષા આપીને મરૂમંડલમાં થઇને ભગવાન રાજગૃહ પધાર્યા તે વખતે અભયકુમારે દીક્ષા લીધી.

„ ૬૧૮ ભગવાન ચંપા નગરીથી જઇને વીતભય નગરીમાં સમોસર્યા અને ત્યાંના રાજા ઉદાયનને દીક્ષા આપી.

૧૨–૪૦૫ ચંપાનગરીમાં, વિચરતા વિચરતા ભ૦ સમોસર્યા.

„ ૪૪૦ અપાપાનગરી (અન્ત સમયે પધાર્યા. સોલપહોર દેશના આપી મોક્ષે પહોંચ્યા).

॥ ઇતિશમ્ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૭૯ થી શરૂ )

અનુવાદકઃ—વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

ખરી રીતે કહીએ તો જેવા ન હોઇએ એવા દેખાવું એજ ધૂર્તતા છે. એજ કપટ છે, એનાથી મનુષ્યનું યથાર્થ સ્વરૂપ છુપાઇ જાય છે. એ દંભનો એક પ્રકાર છે. એ ગીતાના 'અદંભિત્વ'નો વિરોધી છે. ધૂર્ત મનુષ્ય પોતાનું ખરૂં સ્વરૂપ છુપાવી રાખીને કેવળ બીજા પાસેથી ધન અને બીજી વસ્તુઓ લઇ લેવાની ગરજથી જ બનાવટી રૂપ ધારણ કરે છે.

સહનશીલતાના અભાવને ઇર્ષ્યા કહેવાય છે. એ દ્વેષ અને ધૃણાનું જ એક સ્વરૂપવિશેષ છે.

જ્યારે દ્વેષ લાંબો વખત રહે છે ત્યારે તે અમર્ષનું રૂપ ધારણ કરે છે. દર્પ અભિમાનનું એક રૂપ છે. એ અસંતોષની અનધિકાર ચેષ્ટા છે. આપણી મર્યાદાથી વધારે દાવો કરવો તે દર્પ છે.

પ્રકૃતિથી આગળ વધી જવું એ ધૃષ્ટતા છે. એ ઉદ્દંડતા છે જે બીજાના પ્રત્યે તિરસ્કારભર્યા વર્તનના રૂપમાં પ્રકટ થાય છે. એનાથી મનુષ્ય ઉદ્ધત થઇને બીજાનું અપમાન કરી બેસે છે. એ પાશવિક ધૂર્તતા છે. એનાથી વ્યવહારમાં તેમજ બોલવા ચાલવામાં અસભ્યતા આવે છે. એવો સ્વભાવ બિલ્કુલ બેહુદો અને અનાદરણીય છે. ધૃષ્ટતા એવી નીતિ છે જે સામાજીક નિયમોનો તિરસ્કાર કરે છે. ધૃષ્ટ મનુષ્ય બીજાની ભાવનાઓની જરાપણ પરવા કરતો નથી. તે તો કોઇના પ્રત્યે ઘૃણા અથવા પોતાની ઉત્કૃષ્ટતા બતાવવાના હેતુથી પોતાના વ્યવહાર અને વાતચીત દ્વારા વૈયકિતક આક્રમણ કરી બેસે છે.

સાધક પુરૂષે અહિં સુધી કહેવામાં આવેલી સઘળી વૃત્તિઓનો સંપૂર્ણ ત્યાગ કરી દેવો જોઇએ. એ આસુરી સંપત્તિ છે. કરૂણા, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, દયા વિગેરે દૈવી સંપત્તિઓ વધવાથી આસુરી સંપત્તિ દૂર થઈ જશે. હમેશાં અનુભવ કરો કે તમે શુદ્ધ સત્, ચિત્, આનન્દ વ્યાપક આત્મા છો. એ બધા દુર્ગુણ નષ્ટ થઈ જશે અને સાત્વિક ગુણો આપોઆપ પ્રકટ થઇ જશે.

કોઇકોઈ વાર મનને માટે અંતઃકરણ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, તેમાં મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર એ ચારેનો સમાવેશ થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનો વ્યાપક અર્થમાં પ્રયોગ કરાય છે. તેનો અર્થ છે આંતરિક સાધન. અંતઃ એટલે આંતરિક, કરણ એટલે સાધન. એ આંતરિક સાધન છે જે દ્વારા આપણે પ્રત્યક્ષ કરીએ છીએ, અનુભવ કરીએ છીએ, સંકલ્પ કરીએ છીએ, અને વિચાર કરીએ છીએ.

વૃત્તિ એટલે ફરવું તે. એ એક વિચારનો તરંગ છે જે અંતઃકરણમાં જાગે છે.

અંતઃકરણની વૃત્તિઓ ઇન્દ્રિયોના દ્વારથી નીકળે છે અને વિષય–અજ્ઞાનને દૂર કરીને વિષયાકારને ગ્રહણ કરે છે અને વિષયને આપણી સમક્ષ ઉપસ્થિત કરે છે. વૃત્તિઓનું મુખ્ય કાર્ય આવરણ--ભંગ છે, તેઓ સ્થૂલ અવિદ્યાના પડદાને દૂર કરે છે જે સર્વ વિષયોને ઢાંકી રાખે છે.

અવિદ્યાને કારણે જ તમે ' હું પ્રસન્ન છું ' એ જાતની વૃતિની સાથે તમારો અભેદ કરો છો.

બુદ્ધિ જ વિષયોનું વિવેચન કરે છે. બ્રહ્મ કે જે જીવ તથા તેના કર્મોનો નિર્વિકાર સાક્ષી છે તે સઘળી વાતો સ્પષ્ટ સમજે છે.

બ્રહ્મ કોઈ વિષય નથી, એ તો અચિન્ત્ય અને અદૃશ્ય છે. સાક્ષાત્કાર-દ્વારા તેનો અનુભવ થાય છે, પ્રપંચો જાણવા માટે ઇન્દ્રિય, અંતઃકરણ અને જીવોની આવશ્યકતા છે.

ઇન્દ્રિયો વિષયને જુએ છે, મન એને પ્રકટ કરે છે. બુદ્ધિ ચૈતન્યાભાસની મદદથી તેનો નિશ્ચય કરે છે.

બ્રહ્મ તો સર્વસાક્ષી હોવાથી સર્વ કાંઇ જુએ છે, પરંતુ ઇન્દ્રિયો બ્રહ્મને નથી જોઈ શકતી. ઇન્દ્રિયો જડ છે. બ્રહ્મને જોવા માટે નેત્રની જરૂર નથી પડતી, તે પોતે પોતાની મેળે પોતાને પોતામાં જુએ છે. તે સંપૂર્ણ વિશ્વને વિવર્તરૂપે પોતાનાથી જાણે છે, તે ઇન્દ્રિયોને પ્રકાશ તેમજ શક્તિ આપે છે.

તેને પ્રત્યક્ષ કરવા માટે, વિચારવા કે મનન કરવા માટે અંતઃકરણની આવશ્યકતા નથી. તે તો સ્વયંપ્રકાશ છે. તે પ્રત્યેક વસ્તુને પ્રકાશ આપે છે. તે ચિત્સ્વરૂપ છે. ચિદ્દઘન છે. જ્ઞાનનો ભંડાર છે. તે આત્મજ્ઞાનદ્વારા સઘળું જાણે છે. તે અંતઃકરણને પ્રકાશ આપે છે.

ધ્યાનમાં ચાર જાતના વિઘ્નો આવે છે. લય ( નિદ્રા ), વિક્ષેપ ( મનનું એક વિષયથી બીજા વિષય ઉપર ભટકવું ), કષાય ( વિષય-સુખની સ્મૃતિ ), અને રસસ્વાદ અથવા સવિકલ્પ સમાધિથી મળતું સુખ. સવિકલ્પ સમાધિથી પ્રાપ્ત થતું સુખ પણ એક પ્રકારનું વિઘ્ન છે, કેમકે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણને નિર્વિકલ્પ અવસ્થાએ પહોંચવામાં અડચણ કરે છે. તેનાથી ખોટો સંતોષ મળે છે જેને લઇને આપણે સાધનામાં આગળ નથી વધી શકતા. મનને આ બધા વિઘ્નોથી બચાવી રાખવું જોઇએ, કેમકે ત્યારે જ આપણે શુદ્ધ, અદ્વૈત નિર્વિકલ્પ અવસ્થામાં પ્રવેશ કરી શકીએ છીએ. એ પરમાવસ્થા પ્રાપ્ત કરવામાં વિચાર અને બ્રહ્મભાવના જ સહાયક થાય છે.

સામાન્ય રીતે સાધનાહીન પુરૂષનાં મનમાં એક સમયે અનેક પ્રકારના વિચારો ઉઠે છે. પારિવારિક વિચાર, વ્યવસાય સંબંધી વિચાર, ખાનપાનના વિચાર, આશા અને પ્રતીક્ષા, ધનપ્રાપ્તિના ઉપાયનો વિચાર, કોઇને ફેરવી નાંખવાનો વિચાર, કોઇ કુદરતી પ્રકૃતિની જરૂરીયાતોની પૂર્તિ સંબંધી વિચાર, શૌચ સ્નાનાદિના વિચાર એકી સાથે મનમાં આવવા લાગે છે. તમે સાડાત્રણ વાગે બરાબર મન લગાડીને કોઇ પુસ્તક વાંચતા હો છો તે સમયે ચાર વાગે ક્રીકેટની મેચ જોવાની ભાવના વારંવાર તમારા વાંચનમાં હરકત પહોંચાડે છે, કેવળ યોગીપુરૂષ જ—જેનું મન એકાગ્ર છે તે એક જ વિચારને પોતે ઇચ્છે ત્યાં સુધી મનમાં ટકાવી રાખે છે. (ચાલુ)

## સ્વીકાર અને સમાલોચના.

૧ **કર્મગ્રંથઃસાર્થ (પ્રથમ વિભાગ) પ્રકાશક જૈન શ્રેયસ્કર મંડળ મહેશાણા** બીજી આવૃત્તિ. પ્રથમથી ચાર ગ્રંથ તેની મૂળ ગાથા શબ્દાર્થ અને વિવેચન સાથે સુંદર ગુજરાતી ટાઇપમાં પ્રકટ કરેલ છે, વિવેચનને ઠેકાણે શ્રી જીવવિજયજી કૃત બાળબોધને સરલ કરીને આપવામાં આવે છે. અભ્યાસી માટે સરલ છે. પાઠશાળામાં ચલાવવા યોગ્ય છે. **કિંમત એક રૂપિયો. પ્રકટ કર્તાને ત્યાંથી મળશે,**

૨ **જૈન તીર્થોનો નકશો**—કર્ત્તા મુનિરાજશ્રી શ્રીમદ્ ચારિત્રવિજયજી કચ્છી-કર્ત્તા મહારાજશ્રીનો સ્વર્ગવાસ થયો છે છતાં આવી ઉપયોગી કૃતિ કે જેમાં જૈન તીર્થોની ટુંક માહિતિ અને સાથે નકશા સહિત આ લઘુ ગ્રંથ યાત્રાનો લાભ લેવાના જિજ્ઞાસુ માટે એક ભોમીયા સમાન છે. હિંદના જુદા જુદા દેશ વિભાગના પ્રકરણ નીચે દરેક તીર્થોની ટુંકામાં ઉપયોગી હકીકત આપી એક જૈન સાહિત્ય ગ્રંથમાં વૃદ્ધિ કરી છે. યાત્રાળુઓ દરેકને માટે ખાસ ઉપયોગી છે, અને તેઓશ્રીના સુપ્રયત્ન માટે જૈન કોમ આભારી છે. કિંમત આઠ આના. મળવાનું ઠેકાણું મફતલાલ માણેકચંદ—વીરમગામ. ગુજરાત.

---

**શ્રી બ્રહદ્ધારણા યંત્ર—સંપાદક મુનિરાજ જ્ઞાનવિજયજી**—( શ્રી ચારિત્ર ( સ્મારક ગ્રંથમાળાનો ૧૯ મો ગ્રંથ ) કોણ કયા તીર્થંકરની પ્રતિષ્ઠા કરી શકે તે બાબતમાં પ્રકાશ પાડતો આવી શૈલીનો આ ગ્રંથ જાણવા પ્રમાણે પ્રથમજ છે. પ્રતિષ્ઠા જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ કાર્ય માટે જ્યોતિષ મુખ્ય છે. અને પ્રતિષ્ઠા કરનાર અને પ્રભુની પ્રતિષ્ઠા કરવી હોય તે પ્રભુ તે બંને વચ્ચે શુભ મેળ જોવાની સરલમાં સરલ રીત આ ગ્રંથમાં દાખલ કરવામાં આવી છે. આવી વસ્તુનું સામાન્ય જ્ઞાન મેળવનાર આ ગ્રંથની સહાયથી પ્રતિષ્ઠાનું મુહુર્ત જોઇ જાણી શકે છે. આવા અનેકવિધ જૈન સાહિત્ય હજી વણ પ્રકટ થયા સિવાય રહેલ છે. આ ગ્રંથ પ્રકટ થવાથી પણ જૈન જ્યોતિષશાસ્ત્ર સાહિત્યની અભિવૃદ્ધિ થઇ છે. સંપાદક મહારાજશ્રીએ આ ગ્રંથ પ્રકટ કરી જૈન સમાજ ઉપર ઉપકાર કર્યો છે. કિંમત ૦–૮–૦ મળવાનું ઠેકાણું, મફતલાલ માણેકચંદ–વીરમગામ ( ગુજરાત. )

**સદ્બોધસરિત**—( મોઢ મહોદયની ચતુર્થ ભેટ ) લેખક શ્રીયુત **ગોપાળજી** ઓધવજી ઠક્કર. લેખક શ્રીમંત છતાં સાદું જીવન જીવનાર અને સામાજિક સેવામાં અહર્નિશ રસ લેનાર છે. કેળવણીના ઉત્તેજક છે. આ ગ્રંથમાં વ્યવહારિક વાર્તાને સામાજિક રીતે ધાર્મિક દૃષ્ટિમાં ઉતારી છે. વ્યવહારિક ઉપાધીયોથી વ્યાકુલ રહેનાર જીવોને આ ગ્રંથમાં વાર્તાના સ્વરૂપ સાથે અપાયેલી બોધ–હૃદયમાં ઘડીભર શાંતિ સ્થાપે છે. ગ્રંથની ભાષા સરલ અને સાદી હોવાથી બાળજીવોને વાંચવામાં રસ ઉપજે છે. શ્રીયુત ગોપાલજીભાઇને તેમની કૃતિ માટે અમો ધન્યવાદ આપીયે છીએ, કિંમત એક રૂપીયો. પ્રકટ કર્ત્તા ભીખાભાઇ ગોપાલજી, તંત્રી મોઢ મહોદય માસિક–ભાવનગર.

**શ્રી હેમબૃહત્ પ્રક્રિયા મહાવ્યાકરણ**—કિંમત રૂા. ૫–૮–૦ આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ તરફથી મળેલ ભેટને ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

**આરોગ્ય–પત્રિકા—પ્રકાશક ધી જૈન સેનીટરી એસોસીએશનની આરોગ્ય પ્રચારક કમિટી મુંબઈ.**—જનસમાજની આરોગ્યતા–શરીર સુખાકારી અર્થે આ પ્રયત્ન ઉપરોક્ત સંસ્થાનો પરોપકાર નિમિત્તે છે. આ પત્રિકામાં કોલેરા, મચ્છર અને તેનાથી ઉત્પન્ન થતા રોગો માંખી, મેલેરીઆ અને રસ ઉતરવાને લગતા વિષયો ચિત્રો સહિત પ્રકટ કરવામાં આવેલ છે કે જેનાથી આરોગ્યતાને લગતું જ્ઞાન જનસમૂહમાં ફેલાવવા અને જનતાને આરોગ્યતાની ખરેખરી જોખમદારીનું યથાર્થ ભાન કરાવવા માટે આ આરોગ્ય પત્રિકા પ્રકટ કરી ઉક્ત સંસ્થાની કમીટીએ ખરેખરી સેવા બજાવી છે. આરોગ્યતા તે અમૂલ્ય ખજાનો છે અને તેની સમજ દરેક મનુષ્યોને પોતાના શરીરની સુખશાંતિ માટે હોવી જોઇએ કારણકે શરીરે સુખી મનુષ્ય વ્યવહાર અને ધર્મ સુખે સાધી શકે છે, જેથી તેને માટે તેની કમીટી ધન્યવાદને પાત્ર છે. આ પત્રિકા અથથીઇતિસુધી દરેક મનુષ્ય જો મનનપૂર્વક વાંચી તે પ્રમાણે વર્તન કરે તો જરૂર તેવા પ્રકારના રોગોના ભોગ થઇ પડતાં અટકે અને સારી રીતે તનદુરસ્તી ભોગવે. આરોગ્યતાનું આવા પ્રકારે જ્ઞાન ફેલાવવા માટે જનસમૂહ તરફથી આ સંસ્થાને સંપૂર્ણ સહાય–ટેકો મળવાની જરૂર છે.

**સુધારો**—ગયા માસના અંકમાં શ્રી મહાવીર જયંતી કયારે ઉજવવી તે સંબંધી એક નિર્ણય છપાયો હતો. તેમાં ચૈત્ર શુદ ૧૨–૧૩ ભેગા હોવાથી શુદ ૧૨ સોમવારે ઉજવવી એમ લખ્યું હતું, પરંતુ સોનગઢથી મુનિશ્રી ચારિત્રવિજયજીએ જૈન પત્રના છેલ્લા અંકમાં જણાવેલ સૂચના મુજબ બારશ તેરસ ભેગા હોવાથી ( બારશનો ક્ષય હોવાથી ) શુદ ૧૩ ને સોમવારે છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


તૈયાર છે. બીજો વિભાગ તૈયાર છે.

( पूज्य श्री संघदासगणि-वाचकनिर्मितं. )

## ॥ श्री वसुदेवहिण्ड प्रथमखण्डम् ॥

### द्वितीय अंशः

( धम्मिल्लहिण्डिगर्भितः—परिशिष्ट छ सहित. )

સંપાદકો તથા સંશોધકો–આદ્યાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી શિષ્ય-રત્ન પ્રવર્ત્તક મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

પ્રથમ ખંડના છ પરિશિષ્ટો સાથેનો આ બીજો ભાગ એટલે ઉપલબ્ધ આ ગ્રંથનો પ્રાપ્ત થતો અપૂર્ણ પ્રથમ ખંડ પર્યંતનો અંશ મૂળ પ્રાકૃત ભાષામાં આ પ્રકટ કરવામાં આવેલ છે. આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ **જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું** રત્ન છે. કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈન ધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિ મહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. ગયા વર્ષના માગશર માસના આત્માનંદ પ્રકાશ માસિકના ટાઇટલમાં જણાવ્યા મુજબ–માત્ર જ્ઞાનભંડારો તથા તેના ખપી મુનિ મહારાજાઓના ઉપયોગ માટે જ આર્થિક સહાય આપનાર બંધુઓની ઇચ્છા મુજબ આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપિયા (પોસ્ટેજ જુદું) રાખવામાં આવેલ છે. આ બીજો વિભાગ ઉંચા ક્રોક્ષલી લાયન બ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં આ ગ્રંથ માટે ખાસ ટાઇપો તૈયાર કરાવી, સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો ( અક્ષરો ) માં છપાવેલ છે. થોડી નકલો બાકી છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે. મળવાનું ઠેકાણું:-

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## લાઇફ મેમ્બરોને નવીન ગ્રંથોની ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો આ માસની આખેરીએ અમારા લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે પોસ્ટખર્ચથી ભેટ મોકલવામાં આવશે. ( બાઇડીંગ થાય છે )

૧ સુકૃતસાગર—પૃથ્વીકુમાર ચરિત્ર જૈન ઐતિહાસિક માંડવગઢના મહાન્ મંત્રીશ્વરની ગૌરવ-શાળી કથા–ચરિત્ર. ૧-૦-૦

૨ શ્રી પ્રભાવક ચરિત્ર—વર્ત્તમાનકાળના બાવીશ આચાર્યોના પ્રભાવશાળી ઐતિહાસિક દ્રષ્ટિએ પ્રકટ થયેલ ચરિત્રો. ૨-૮-૦

૩ શ્રી ધર્મપરીક્ષા—કેવા પ્રકારની પરિક્ષા કરી ધર્મ ગ્રહણ કરવો તેના વિવેચન અને તે ઉપર કથાઓ સહિત. ૧-૦-૦

ઉપરોક્ત ગ્રંથો તૈયાર થાય છે. જેથી ઉપરોક્ત મુદત પહેલાં મંગાવવાની કે તે માટે પત્ર લખવાની કોઇ સભાસદે તસ્દી ન લેવી.

આ સભા તરફથી પ્રગટ થયેલાં દરેક પુસ્તકો મળવાનું સ્થળ:—

**દોશી નાગરદાસ પ્રાગજીભાઇ જૈન બુકસેલર. ઠે૦ દોશીવાડાની પોળ–અમદાવાદ.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૮. કાર્તિક. આત્મ સં. ૩૬. અંક ૪ થો.

## કવિશ્રી ખબરદાર.

'જ્યાં જ્યાં એક વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'

એવું બૃહદ્ ગુજરાતનું બિરદ ગાનાર કવિશ્રી ખબરદારે ગુજરાતની બહાર રહ્યા છતાં છેક મદ્રાસને આરેથી પણ ગુજરાતના ગૌરવગાન સતત અને સહૃદયતાથી ગાયા કરીને ઉપલી લીંટીને પોતાનાં જીવન અને કવનથી સજીવ ને સાર્થક કરી છે. એમનાં શૌર્યોદ્રેકભર્યાં કાવ્યોએ ગુજરાતના યૌવનને પ્રેરણા પાઈ છે. એમના રાસે ગુર્જર રમણીયોના કંઠ અને અંતર હલકાવ્યાં છે; એમની 'ભજનિકા' એ અનેક અંતરોમાં ભક્તિની ગારત ભરી છે; કલિકા જેવાં એમનાં લાંબાં કાવ્યો, સાહિત્ય ચર્ચાઓ અને પ્રતિકાવ્યોએ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટતા અને વ્યક્તિત્વનો આંક મૂકયો છે. છઠ્ઠી નવેમ્બર ૧૯૩૧ ના રોજ એમનાં જીવનનાં પચાસ વર્ષ પૂરાં થવાને પ્રસંગે એ જન્મજયંતીને દિને ગુજરાતે એમનો કનકોત્સવ ઉજવ્યો છે. એ મંગલ પ્રસંગે આપણી પ્રાર્થના હો કે ઇશ્વર એમને દીર્ઘાયુ કરો અને એમની યશ પ્રફુલ્લ જીવનકલાને વધુ પમરાવો.'

'કુમાર માસિક' માંથી.

For Private And Personal Use Only